# SHRI K.K. SHASTRI GOVERNMENT COMMERCE COLLEGE

Shri K.K. Shastri Educational Campus, Khokhra Road,
Maninagar (East), Ahmedabad-380008
NAAC Accredited 2.49 CGPA : UGC Recognized 2(f) & 12(B): Affiliated with Gujarat University


NO:SKKSGCC/2026/NOTICE/ NSS/179 OCTOBER 01, 2026

## "ગુજરાત સાંસ્કૃતિક વક્તુત્વ સ્પર્ધા ૨૦૨૬" – અંગેની નોટીસ

**અત્રેની શ્રી કે.કા.**શાસ્ત્રી સરકારી વાણિજય કોલેજ, મણિનગર અમદાવાદમાં શૈક્ષણિક વર્ષ:૨૦૨૬-૨૭ માં અભ્યાસ કરતા B.Com ના વિદ્યાર્થીઓને જણાવવાનું કે, રાજયના યુવાધનમાં ઉચ્ચ જ્ઞાનની સાથે સાથે શ્રેષ્ઠ ચારિત્ર્ય, વિનય, વિવેક, માન, મર્યાદા, સુશીલતા અને રાષ્ટ્રભક્તિના ગુણોનું સિંચન કરવું અત્યંત આવશ્યક છે.
આ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને, **ઉચ્ચ શિક્ષણ વિભાગ અને સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન**ના ઉપક્રમે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા (GSVS) ૨૦૨૬નું આયોજન કરવામાં આવેલ છે, જેને **"સંસ્કાર સિંચનનો મહાકુંભ"** તરીકે ઓળખવામાં આવશે.
આમ, આ સ્પર્ધામાં ભાગ લેવા માટે કોલેજના વિદ્યાર્થીઓએ ઓનલાઈન પોર્ટલ https://gsvs.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વધુ માહિતી માટે ડૉ. વિજય રાવલ (Saptadhara Co-ordinator) અને ડૉ. મિલન ઉંડવીયાનો ( IQAC Co-ordinator) સંપર્ક કરવો.

**આ વક્તુત્વ સ્પર્ધા કોલેજ સ્તરે તારીખ: 03/10/2026 ના રોજ 9:00 A.M. (Room No. 212) કલાકે યોજાશે.**

**પાત્રતા: જે વિદ્યાર્થીઓની જન્મ તારીખ 1-1-2000 પછીની હોય, તેઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.**

- સ્પર્ધાના વિષયો :

૧. નશામુક્ત ભારત અભિયાન અને સ્વચ્છ સાયબર ભારત મિશન

- દારૂ, તમાકુ, ધુમ્રપાન, અશ્લીલ કાર્યક્રમો અને સોશિયલ મીડિયાનો બેફામ ઉપયોગ જેવા જીવન બરબાદ કરનારા તત્વો; અને તેનાથી વ્યક્તિગત સ્તરે થતું શારીરિક, માનસિક અને આર્થિક નુકસાન, સમાજ અને પરિવાર પર તેની ઘાતક અસરો.
- સ્વચ્છ સાયબર ભારત મિશન: OTT, સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટ પર ફેલાતી માનસિક ગંદકી સામેની લડાઈ.
- યુવાનોના મન, શરીર અને આત્મા પર અશ્લીલ અને વિકૃત કન્ટેન્ટની ઘાતક અસર.
- યુવાધનને બરબાદ કરતી ઓનલાઇન ગેમિંગ અને નારી ગરિમા વિરોધી એપ્સ પર ડિજિટલ સર્જિકલ સ્ટ્રાઈકની સમાજ પર અસર અને તેનાથી સમાજ અને રાષ્ટ્રને થનારા ફાયદા.

૨. વિકસિત ભારત @ ૨૦૪૭ : આત્મનિર્ભર ભારત

- માનનીય વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા આત્મનિર્ભરતાનું મહત્વ.
- ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂત કરીને ગ્રામોત્થાનથી રાષ્ટ્રોત્થાન.
- "Be Bhartiya, Buy Bhartiya"નો સંકલ્પ – સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ એ રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય અને ગૌરવ છે.
- સ્થાનિક ઉત્પાદન – Vocal for Local – Make in Indiaને પ્રોત્સાહન.
- Startup India – Digital India – ઉદ્યોગસાહસિકતા અને નવીનતાને પ્રોત્સાહન.
- આત્મનિર્ભર ભારત માટે દરેક નાગરિકના યોગદાનની આવશ્યકતા.

૩. સંસ્કૃતિ અને સંસ્કાર :રાષ્ટ્રના અસ્તિત્વનો આધાર

- સાંસ્કૃતિક મૂલ્યો અને સંસ્કાર માનવ નિર્માણ માટે આવશ્યક.
- "સંસ્કૃતિ બચાવો, ભારત બચાવો": આપણી ઓળખ અને અસ્તિત્વ માટે સાંસ્કૃતિક મૂલ્યોનું રક્ષણ.
- ચારિત્ર્ય ઘડતરમાં સંસ્કારોની ભૂમિકા અને સંસ્કાર આપનારનું સ્થાન.

- ઋણ: જન્મદાતા માતા–પિતા, જ્ઞાનદાતા ગુરુ અને જીવનદાતા ભારત માતા.
- સંસ્કૃતિ અને સંસ્કારોને જાળવી રાખીને મજબૂત રાષ્ટ્રનું નિર્માણ.

૪. કડવા ફળ છે ક્રોધના

- જીવનને બરબાદ કરતા તત્વો: કામ – ક્રોધ.
- કામ – ક્રોધ પર નિયંત્રણ અને ક્ષમા અને સદાચાર જેવા ગુણ દ્વારા સંબંધોની જાળવણી.
- સફળ જીવનની માસ્ટર કી: માથા પર આઈસ ફેક્ટરી અને મુખમાં સુગર ફેક્ટરી.
- "ક્ષમા વીરસ્ય ભૂષણમ્": ક્ષમા એ વીરોનું આભૂષણ છે.
- Let Go & Let God: વિપરીત પરિસ્થિતિઓ અને વિચારોને સમજવાની અને સ્વીકારવાની શક્તિ – નમીજા અને ખમીજા: સહનશીલતાનું મહત્વ.
- વાણી, વર્તન, વ્યવહાર, વિચાર અને વસ્ત્રોમાં સંયમ અને મર્યાદાનું પાલન. શાંતિ અને ક્ષમાના માર્ગને અપનાવીને સુખી – સંયમિત જીવન જીવી શકાય.

૫. ભારતીય નાગરિક તરીકેની ફરજો બંધારણની કલમ ૫૧(A)

- ભારતીય બંધારણની કલમ ૫૧(ક)માં આપેલી મૂળભૂત ફરજો.
- રાષ્ટ્ર પ્રત્યેની ફરજો (ડ્યુટી)નું મહત્વ.
- "સ્વતંત્રતા મર્યાદાથી સુશોભિત હોય છે."
- વર્તમાન સમયમાં તેના પાલનની આવશ્યકતા: અધિકારોની સાથે ફરજોનું પાલન પણ જરૂરી.
- એક જવાબદાર નાગરિક તરીકે ફરજો નિભાવીને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવું.

❖ પ્રથમ તબક્કો : ક્લાસ કક્ષાની સ્પર્ધા

- 3 મિનિટનો સ્ક્રિનિંગ રાઉન્ડ
- દરેક ક્લાસમાં 3 મિનિટનો સ્ક્રિનિંગ રાઉન્ડ યોજવામાં આવશે.
- ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ક્લાસ દીઠ 3 વિદ્યાર્થીઓ કોલેજ કક્ષા માટે

❖ બીજો તબક્કો : કોલેજ કક્ષાની સ્પર્ધા

- 5 મિનિટનું વક્તવ્ય
- દરેક ક્લાસ દીઠ પસંદગી પામેલા 3 વિદ્યાર્થીઓની વચ્ચે કોલેજ કક્ષાની સ્પર્ધા
- ઈનામ: પ્રથમ ક્રમાંકને ₹1,100 અને 'બેસ્ટ સ્પીકર ઓફ કોલેજ'ની ટ્રોફી.
- ફેકલ્ટી દીઠ એક વિદ્યાર્થી ઝોનલ કક્ષા માટે(દા.ત. આર્ટસ, કોમર્સ અને સાયન્સ ફેકલ્ટીના એક–એક વિદ્યાર્થી)

❖ <u>સ્પર્ધાની મુખ્ય વિગતો :</u>

- ભાષા: ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી
- નિયમો અનુસાર કોલેજ કક્ષાએ પસંદ થયેલા વિદ્યાર્થીને આગળની ઝોનલ કક્ષાની સ્પર્ધા માટે મોકલવામાં આવશે.
- વિદ્યાર્થીઓએ વક્તવ્યમાં વિષયની સમજ, તર્કબદ્ધ રજૂઆત, અભિવ્યક્તિ, ભાષાશૈલી તથા સમયમર્યાદાનું વિશેષ ધ્યાન રાખવાનું રહેશે.
- વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ પોતાની વક્તૃત્વકલા, વિચારશક્તિ, અભિવ્યક્તિ અને નેતૃત્વ ક્ષમતાના વિકાસનો અવસર પ્રાપ્ત કરે તે માટે અનુરોધ છે.

(ડૉ. યોગેશ યાદવ)
આચાર્ય GES–I
શ્રી કે.કા. શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજ,
મણીનગર(પૂર્વ),અમદાવાદ.

SHRI K. K. SHASTRI GOVT. COMMERCE COLLEGE